જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૬/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૦૯/૧૮

# -x નારોલ પોલીસ સ્ટેશન x-

## ખુન ખુનની કોશીશ તથા રાયોટના ગંભીર ગુનો કરવાવાળા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૦૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૦૬ સા.તેમજ અધિક ના.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેરના શ્રી ચિંતન તેરૈયા સા. નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નારોલ પો.સ્ટે.દાખલ થયેલ ફ.ગુ.ર.ન.૧૩૧/૧૮ ઇ.પી.કો.કલમ૩૦૨,૩૦૭,૪૫૨,૩૨૬,૩૨૪,૪૨૭,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૨૯૪(ખ), ૧૨૦ (બી) , ૫૦૬(૨)તથા જી.પી.એક્ટ કલમ૧૩૫(૧)મુજબના આરોપીઓ પૈકીના (૧) અનિલભાઈ સ/ઓફ ટેનુભાઈ દેવચંદભાઈ તળેલે (મરાઠી) ઉ.વ.૪૯ રહે- મકાન નંબર ૯, મંગળદાસ શેઠની ચાલી, ઉત્તમનગર પાસે, મણીનગર, અમદાવાદ શહેર. મુળ વતન- ગામ-સાંચોદ, જિ.ભુસાવલ, મહારાષ્ટ્ર નાને તા.૦૮/૦૬/૨૦૧૮ ના કલાક ૧૬/૦૦ વાગે તથા (૨) અજય સ/ઓફ શેરસીંગ નાગરમલ સૈની ઉ.વ.૨૧ રહે- ઓફિસ G-05, ગ્રાઉન્ડ ફ્લોર, સરોવર હોટલ, નારોલ, અમદાવાદ શહેર મુળ વતન- સુલતાનાકાબાસ તા.ચીડાવા જિ.ઝુનઝુનુ, રાજસ્થાન નાઓને ઉપરોક્ત ગુનાના કામે તા.૦૮/૦૬/૨૦૧૮ ના કલાક ૧૮/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ તથાનં (૩) મુખત્યાર @ બબલુ સ/ઓફ અખત્યારખાન ઐયુબખાન પઠાણ ઉ.વ.૨૦ રહે- એ/૩, ગુલશન પાર્ક, ઇન્દીરાનગર સામે, ઇસનપુર, અમદાવાદ શહેરને તા.૧૦/૦૬/૨૦૧૮ ના કલાક ૨૦/૪૫ વાગ્યે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરવામાં આવેલ તથા નં (૪) અબુહુરેરા @ અબુલૈલા સ/ઓફ રઇસ અબ્દુલગફુર શેખ ઉ.વ.૨૦ રહે- મકાન નંબર ૧૩૯, ન્યુ ફૈસલનગર, બોમ્બે હોટલની પાછળ, દાણીલીમડા, અમદાવાદ શહેર મુળ વતન- છીપીયાના વિસ્તાર, કાનપુર, તા.જિ.કાનપુર, ઉત્તરપ્રદેશ તથા (૫) ફઇમ સ/ઓફ ઇસ્માઇલભાઈ અહેમદભાઈ શેખ ઉ.વ.૨૧ રહે- મકાન નંબર ૧૧,અલરજ્જાક ફ્લેટ, બોમ્બે હોટલની અંદર, દાણીલીમડા, અમદાવાદ શહેર મુળ વતન- ગામ-ઇટાદરા, તા.માણસા, જિ.ગાંધીનગર તથા (૬) અસલમ @ અલ્લમપાદુલ સ/ઓફ ઉસ્માનભાઈ શેખ ઉ.વ.૧૯ મકાન નંબર ૨, કાશીરામ મોતીવાલા કંમ્પાઉન્ડ, રહેમાનનગર સોસાયટી, ઇસનપુર, અમદાવાદ શહેરને તા.૧૧/૦૬/૨૦૧૮ ના કલાક ૨૨/૧૫ વાગે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરવા કરવામાં આવેલ

તેમજ ઉપરોક્ત આરોપીઓ તથા વોન્ટેડ તથા નાસ્તા ફરતા આરોપીઓ અગાઉ કુલ છ પકડી પાડી બાદ મુખ્ય વોંટેડ આરોપીઓનો માણસ આરોપી સાદાબ સન/ઓફ અનવરભાઇ અબ્દુલભાઇ જાતે કુરેશી ઉ.વ.૧૯ રહે-મ.ન.૧૪૨ ન્યુ ફેસલનગર બોમ્બેહોટલ દાણીલીમડા અ.વાદ શહેર નાને ટેલીફોનીક લોકેશન તથા બાતમી હકીકત આધારે આજરોજ તા ૧૩/૦૬/૧૮ ના ક.૧૭/૩૦ વાગે પકડી અટક કરેલ છે આ તમામ આરોપીઓ ઉપરોક્ત ખુન તેમજ ખુનની કોશીશ તેમજ રાયોટના ગંભીર ગુનાને અંજામ આપનાર કાવતરા ખોર હોય તેઓને હકીકત આધારે પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

## સાબરમતી પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશનના આરોપીબેનને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

આગામી રથયાત્રા અનુંસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર ઇગ્લીશ દારૂનો જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતી આરોપીબેન શાંન્તાબેન વા/ઓ રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ દેવાજીભાઇ નટ ઉવ-૩૫ રહેવાસી નટવાસના છાપરા કાળીગામ છારાનગર પાસે સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ ઇગ્લીશ દારૂના કેશો શોધી કાઢી સદરી આરોપીબેનને આવી પ્રવુતી પ્રોહી કલમ 93 કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપીબેન વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા <u>ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૪૬૧/૨૦૧૮ તા:૧૩/૦૬/૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીબેનને આજરોજ તા:૧૪/૦૬/૨૦૧૮ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી</u> આપેલ છે.

## ગૌવંશ કતલ સબંધી ૨ (બે) પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર તથા ઇન્ચાર્જ સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા પો.સ.ઈ એસ.પી.ગોહીલ તથા સાથેના સર્વેલન્સ સ્કોડના માણસો સાથે જી.આઈ.ડી.સી. વટવા તથા વટવા પો.સ્ટે. દાખલ ગૌવંશ કતલના ગુનામાં આરોપીઓ વિરુધ્ધ પાસા ઓર્ડર થયેલ જે આરોપી <u>અ.નં.(૧) **શ્રી આસીફ ઉર્ફે કોમલ સ/ઓ અસ્લમભાઈ શકીલભાઈ જાતે-શેખ ઉવ.૨૦ રહે, બ્લોક નં.૩૪/૧૦૫૮ વસંતગજેન્દ્રગડકરનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર**</u> નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૪૪૯/૧૮ તા.૧૧/૦૬/૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૧૩/૦૬/૨૦૧૮ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તથા આરોપી અ.<u>નં.(૨) **મોહંમદઆદીલ સ/ઓ મોહંમદઈશરાર ટીકુખાન જાતે-પઠાણ ઉવ.૨૦ રહે, બ્લોક નં.૩૧/૯૮૧ વસંતગજેન્દ્રગડકરનગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર**</u> નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રીના પાસા અટકાયતી હુકમ ક્રમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૪૫૦/૧૮ તા.૧૧/૦૬/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૧૩/૦૬/૨૦૧૮ ના કલાક ૧૬/૧૫ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

“વટવા” પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “વટવા” પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.